# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10-09-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

**************************************************

1) સી. પી. રાધાકૃષ્ણન ભારતના 15મા ઉપ-રાષ્ટ્રપતિ બનશે.

2) નેપાળમાં રાજકીય સંકટ વચ્ચે પ્રધાનમંત્રી મોદીએ નેપાળના લોકોને શાંતિ માટેના પ્રયાસોને સમર્થન આપવા અપીલ કરી.

3) ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રના આજના છેલ્લા દિવસે ત્રણ સરકારી વિધેયક અને કેગનો અહેવાલ રજૂ થશે.

4) ભારતે અવકાશ સંશોધનમાં નવ મોટા વિશ્વ વિક્રમો સ્થાપ્યા અને આગામી વર્ષોમાં 8 થી 10 વધુ વિક્રમો સર્જશે.

5) એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભારત નો મુકાબલો ગ્રુપ A માં યજમાન સંયુક્ત આરબ અમીરાત સાથે.

........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# VICE PRESIDENT

સી. પી. રાધાકૃષ્ણન ભારતના 15મા ઉપ-રાષ્ટ્રપતિ બનશે. રાષ્ટ્રીય લોકશાહી ગઠબંધન-એનડીએના ઉમેદવાર અને મહારાષ્ટ્રના રાજ્યપાલ શ્રી રાધાકૃષ્ણને ઇન્ડિ ગઠબંધનના ઉમેદવાર અને સર્વોચ્ચ અદાલતના ભૂતપૂર્વ ન્યાયાધીશ બી સુદર્શન રેડ્ડીને 152 મતોથી હરાવ્યા હતા.

રાજ્યસભાના મહાસચિવ અને રિટર્નિંગ ઓફિસર પી સી મોદીએ ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણીની ગણતરી બાદ આ માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે કુલ 781 મતદાન કરનારા સાંસદોમાંથી 767 સાંસદોએ મતદાન કર્યું હતું. તેમણે માહિતી આપી હતી કે 767 મતોમાંથી 752 માન્ય અને 15 મતો અમાન્ય જાહેર કરવામાં આવ્યા હતા. નવા સંસદ ભવનમાં યોજાયેલ મતદાનમાં 752 માન્ય મતોમાંથી શ્રી રાધાકૃષ્ણનને 452 મત મળ્યા હતા. બી સુદર્શન રેડ્ડીને 300 મત મળ્યા હતા.

સાંભળીએ એક અહેવાલ..

(V/C- AMISHA)

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સી પી રાધાકૃષ્ણનને ઉપરાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા બદલ અભિનંદન પાઠવ્યા છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે શ્રી રાધાકૃષ્ણનનો જાહેર જીવનમાં દાયકાઓનો સમૃદ્ધ અનુભવ દેશની પ્રગતિમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ, કહ્યું કે શ્રી રાધાકૃષ્ણનનું જીવન હંમેશા સમાજની સેવા અને ગરીબોને સશક્ત બનાવવા માટે સમર્પિત રહ્યું છે. ગૃહમંત્રી અમિત શાહે પણ સી પી રાધાકૃષ્ણનને ઉપરાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા બદલ અભિનંદન પાઠવ્યા. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે સી પી રાધાકૃષ્ણનને ઉપરાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા બદલ અભિનંદન આપતા કહ્યું કે તેમના પ્રતિષ્ઠિત જાહેર જીવનમાં, તેમણે નમ્રતા, પ્રામાણિકતા અને સેવા પ્રત્યે ઊંડી પ્રતિબદ્ધતા દર્શાવી છે.

# RADHAKRISHNAN

નવા ચૂંટાયેલા ઉપરાષ્ટ્રપતિ સી.પી.રાધાકૃષ્ણને બીજા સર્વોચ્ચ બંધારણીય પદ પરની તેમની ચૂંટણીને રાષ્ટ્રવાદી વિચારધારાની જીત ગણાવી છે. તેમણે 2047 સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે કામ કરવાનો સંકલ્પ લીધો છે.

વિજય પછીના તેમના પ્રથમ જાહેર સંબોધનમાં, નવા ચૂંટાયેલા ઉપરાષ્ટ્રપતિએ વિરોધી ગઠબંધને કહ્યું કે, આ ચૂંટણી એક વૈચારિક લડાઈ છે, પરંતુ મતદાન પ્રક્રિયા પરથી આપણે સમજીએ છીએ કે રાષ્ટ્રવાદી વિચારધારા વિજયી બની છે. શ્રી રાધાકૃષ્ણને કહ્યું કે, આ દરેક ભારતીયનો વિજય છે અને જો આપણે 2047 સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવું હોય તો આપણે બધાએ સાથે મળીને કામ કરવું પડશે.

નવનિયુક્ત ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે તેમની નવી ભૂમિકામાં, તેઓ રાષ્ટ્રના વિકાસ માટે શ્રેષ્ઠ પ્રયાસ કરશે. લોકશાહીમાં શાસક પક્ષ અને વિપક્ષ બંને મહત્વપૂર્ણ છે. આ એક જ સિક્કાની બે બાજુઓ છે. લોકશાહીના હિતને ધ્યાનમાં રાખવામાં આવશે.

# PM-CP-MEETING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગઈકાલે શ્રી સીપી રાધાકૃષ્ણનને મળ્યા હતા અને તેમને ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણી જીતવા બદલ અભિનંદન આપ્યા હતા. બેઠક દરમિયાન ભાજપ પ્રમુખ જેપી નડ્ડા, ટીડીપી નેતા અને કેન્દ્રીય મંત્રી રામ મોહન

નાયડુ, જેડી(યુ) નેતા સંજય ઝા, શિવસેના નેતા શ્રીકાંત શિંદે અને ટીએમસી(એમ) નેતા જી કે વાસન પણ હાજર હતા.

# PM-MODI-NEPAL

નેપાળમાં રાષ્ટ્રપતિ શાસન લાગી ગયું છે. નેપાળ સરકારના મુખ્યસચિવ, નેપાળની સેનાના પ્રમુખ, સરહદ સુરક્ષા દળના મહાનિદેશક, નેપાળ પોલીસના મહાનિદેશક અને અન્ય વરિષ્ઠ અધિકારીઓએ જનતાને શાંતિ જાળવી રાખવા અનુરોધ કર્યો છે.

પ્રધાનમંત્રી ઓલીના રાજીનામા બાદ યુવાનોના દેશવ્યાપી પ્રદર્શન દરમિયાન 19 લોકોના મોત અને 300થી વધુ લોકો ઇજાગ્રસ્ત થયા હતા. દરમ્યાન ગઈકાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય મંત્રીમંડળની સુરક્ષા સમિતિની બેઠકમાં નેપાળમાં થયેલા વિકાસ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

પ્રધાનમંત્રીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું હતું કે નેપાળમાં થયેલી હિંસા હૃદયદ્રાવક છે. તેમણે નેપાળમાં યુવાનોના મૃત્યુ પર દુઃખ વ્યક્ત કર્યું હતું. તેમણે ભાર મૂક્યો હતો કે નેપાળમાં સ્થિરતા, શાંતિ અને સમૃદ્ધિ અત્યંત મહત્વપૂર્ણ છે. શ્રી મોદીએ નેપાળના લોકોને શાંતિ માટેના પ્રયાસોને સમર્થન આપવા પણ અપીલ કરી હતી.

# CM TWEET

નેપાળની સ્થિતી ચિંતાજનક છે ત્યારે ત્યા ગયેલા ગુજરાતી લોકોને સલામત પરત લાવવાના પ્રયાસ હાથ ધરાયા છે. જે અંતર્ગત ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયા પોસ્ટ Xના માધ્યમથી કહ્યું હતું કે, નેપાળમાં રાજકીય અસ્થિરતા અને હિંસાની ઘટનાઓમાં ફસાયેલા ગુજરાતના પ્રવાસીઓ અને વિદ્યાર્થીઓના સુરક્ષિત પરત ફરવા સંદર્ભે ગુજરાતનું વહીવટીતંત્ર ભારતના વિદેશ મંત્રાલય સાથે સતત સંપર્કમાં છે. આ અંગે ગુજરાતના અધિકારીઓને મેં જરૂરી દિશાનિર્દેશ આપ્યા છે.

ફસાયેલા નાગરિકોની સહાય માટે ગુજરાત સરકારે હેલ્પ લાઇન નંબર પણ જાહેર કર્યો છે.

ભારતના નાગરિકોને કોઈપણ પ્રકારની ઈમર્જન્સીની પરિસ્થિતિમાં કે કોઈ મદદની જરૂર હોય તેવા કિસ્સામાં કાઠમંડુ સ્થિત ભારતીય દૂતાવાસના નીચે જણાવેલ નંબર પર સંપર્ક કરવા વિનંતી છે.

જે નંબર આ મુજબ છે..

+977 – 980 860 2881 ,  +977 – 981 032 6134

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# VIDHANSABHA LAST DAY

**ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રનો આજના છેલ્લા દિવસે ત્રણ સરકારી વિધેયકો રજૂ કરવામાં આવશે. તારાંકિત પ્રશ્નોના સંબધિત વિભાગોના મંત્રીઓ દ્વારા જવાબ આપવાથી સવારે નવ વાગે ગૃહન કામગીરી આરંભાશે.. જ્યારે વિવિધ વિભાગોના વાર્ષિક અહેવાલો પણ રજૂ કરાશે ... તેમજ આજે કેગનો રિપોર્ટ પણ ગૃહમાં રજૂ કરાશે ..જ્યારે છેલ્લા દિવસનો પ્રસ્તાવ પણ ગૃહમાં રજૂ કરાશે..**

# GST

સરકારે GST દરોમાં મોટો ઘટાડો કરવાની જાહેરાત કરી છે, જેનાથી સેવા અને પર્યટન ક્ષેત્રના સામાન્ય લોકોને રાહત મળશે. જીમ, સલૂન, બાર્બર અને યોગ સેવાઓ પર હવે 18% ને બદલે ફક્ત 5% GST લાગશે.

આ નિર્ણયથી આ સેવાઓ સસ્તી અને સુલભ બનશે. નવા GST દરોનું સ્વાગત કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે જીમ, સલૂન અને યોગ સેવાઓ પરના કરમાં ઘટાડાથી યુવાનોમાં સ્વાસ્થ્ય અને ફિટનેસ માટે ઉત્સાહ વધશે.

(BYTE -PM-GST-FIT-INDIA)

# ISRO-RECORDS

ISROના ચેરમેન વી. નારાયણને કહ્યું છે કે ભારતે અવકાશ સંશોધનમાં નવ મોટા વિશ્વ વિક્રમો પ્રાપ્ત કર્યા છે અને આગામી વર્ષોમાં 8 થી 10 વધુ વિક્રમ બનાવશે.. નવી દિલ્હીમાં એક કાર્યક્રમને સંબોધતા, શ્રી નારાયણને ચંદ્રયાન મિશનથી લઈને મંગળ મિશન અને ક્રાયોજેનિક ટેકનોલોજીમાં ભારતની સિદ્ધિઓ પર પ્રકાશ પાડ્યો. તેમણે કહ્યું કે, 2014 માં મંગળ મિશનથી ભારત તેના પ્રથમ પ્રયાસમાં મંગળ પર પહોંચનાર પ્રથમ રાષ્ટ્ર બન્યું. 2017 માં, PSLV-C37 એ એક જ મિશનમાં 104 ઉપગ્રહો પ્રક્ષેપણ કરીને ઇતિહાસ રચ્યો. શ્રી નારાયણને કહ્યું કે, 2019 માં ચંદ્રયાન-2 એ ચંદ્રની આસપાસ વિશ્વનો શ્રેષ્ઠ ઓર્બિટર કેમેરા મૂક્યો, જ્યારે 2023 માં ચંદ્રયાન-3 એ ભારતને ચંદ્રના દક્ષિણ ધ્રુવ નજીક અવકાશયાન ઉતારનાર પ્રથમ દેશ બનાવ્યો. તેમણે કહ્યું કે, ૨૦૧૪

થી ૨૦૧૭ ની વચ્ચે, ભારતે ક્રાયોજેનિક સ્ટેજ વિકાસમાં ત્રણ વૈશ્વિક વિક્રમ હાંસલ કર્યા, જેમાં ક્રાયોજેનિક સ્ટેજ સાથે LVM3 ની સૌથી ઝડપી પ્રથમ ઉડાનનો સમાવેશ થાય છે, જે અન્ય દેશોમાં ૩૭ થી ૧૦૮ મહિનાની સમયમર્યાદાની સરખામણીમાં ૨૮ મહિનામાં થયો હતો.

શ્રી નારાયણને કહ્યું કે, ISRO અવકાશ ટેકનોલોજીમાં ૮-૧૦ વધારાના વિશ્વ વિક્રમ હાંસલ કરવાની યોજના ધરાવે છે. તેમણે ઉમેર્યું કે ૨૦૪૦ સુધીમાં, ભારત ચંદ્ર પર માનવીને ઉતારવાનું લક્ષ્ય રાખે છે, જે વિકસિત રાષ્ટ્ર બનવા તરફ દેશની સફરમાં વધુ એક સીમાચિહ્નરૂપ છે.

# CRICKET-ASIA-CUP

એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભારત આજે ગ્રુપ Aમાં યજમાન સંયુક્ત આરબ અમીરાતનો સામનો કરશે. દુબઈ ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે મેચ રમાશે. ગ્રુપ Aમાં પાકિસ્તાન અને ઓમાનનો પણ સમાવેશ થાય છે.

ગઈકાલે અબુ ધાબીમાં એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટની શરૂઆતની મેચમાં અફઘાનિસ્તાને હોંગકોંગને 94 રનથી હરાવ્યું.

આ ગ્રુપ Bની પહેલી મેચ હતી. શ્રીલંકા અને બાંગ્લાદેશ પણ આ ગ્રુપમાં છે. બંને ગ્રુપમાંથી ટોચની બે ટીમો સુપર ચાર તબક્કામાં આગળ વધશે. આઠ ટીમો ટાઇટલ માટે સ્પર્ધા કરશે. આ ટુર્નામેન્ટ 28 સપ્ટેમ્બર સુધી ચાલશે.

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રીટા દવે

- આજના અખબારોના મહત્વના સમાચાર પર નજર કરીએ તો
- આજે તમામ અખબારોએ નેપાળના હિંસક દેખાવોને હેડલાઇન્સમાં પ્રસિધ્ધ કર્યા છે..
- દિવ્ય ભાસ્કરની આજની હેડલાઇન છે કે 24 કલાકમાં સત્તા પલટો ,, સિંહાસન ફૂંકી માર્યું ,,, વડાપ્રધાન ઓલીનું રાજીનામું
- સંદેશે લખ્યું છે કે જેન-ઝીનો કહેર...નેપાળમાં પીએમ રાષ્ટ્રપતિના રાજીનામાં
- પ્રચંડ જનાક્રોશ પછી નેપાળમાં રાજકીય સંકટઃ વડાપ્રધાન ઓલીનું રાજીનામું- આ હેડલાઇન નવગુજરાત સમયે બનાવી છે
- ગુજરાત સમાચારે લખ્યું છે કે નેપાળમાં બેફામ ભ્રષ્ટાચાર સામે યુવાનોનો આક્રોશ
- જેન-ઝીની ત્રાડ- નેપાળમાં ઉથલી સરકાર આજના આ મુખ્ય સમાચાર તરીકે ફૂલછાબે છાપ્યાં છે
- અંગ્રેજી અખબારો ઇન્ડિયન એક્સપ્રેસ અને ટાઇમ્સ ઓફ ઇન્ડિયાએ પણ નેપાળ સંકટને જ હેડલાઇનમાં લીધાં છે..
- આ ઉપરાંત તમામ અખબારના પહેલા પાના ઉપર એનડીએના રાધાકૃષ્ણન ઉપરાષ્ટ્રપતિ પદે ચૂંટાયા, રશિયાયુક્રેન સંઘર્ષ , જીએસટીના કર માળખામાં સુધારાને આવકાર જેવા સમાચાર વાંચવા મળી રહ્યાં છે.